GJLV030002122015

દાખલ તારીખ :– ૧૭/૦૬/૨૦૧૧
નોંધ્યા તારીખ :– ૧૭/૦૬/૨૦૧૧
ફેંસલ તારીખ :– ૧ /૧ /૨૦૨૨
સમયગાળો :– વર્ષ – માસ – દિવસ.

**દિવડાકોલોનીના મે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,મુ.દિવડાકોલોની**

ક્રિ.કેસ નં.૨૦૪/૨૦૧૫
**જુનો કેસ નંબર ૪૬૬/૨૦૧૧**
આંક :–

***ફરીયાદી*** :– શ્રી સ ર કા ર.

***વિ રૂ દ્ધ...***

***આરોપી*** :– રફીક ઉર્ફે રફીયુદીનભાઈ બાજુ મીયાભાઈ શેખ ઉ.વ.પર.

રહે.ફસ્ટ્ર ફલોર દિવ્ય વસુધરા કોમ્પલેક્ષ ડીસ્ટ્રીકટ કોર્ટની સામે

મીરજાપુર, ગ્રામ્ય કોર્ટ,તા.જી.અમદાવાદ.

**ગુનો:– ઈ.પી.કો.કલમ– ૩૮૪,૫૧૧,૧૧૪ કલમ ૧૩૫ મુજબ.**

---

ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રીમતી. કે.એસ.ભાટીયા
આરોપીઓ તરફે વિ.વ.શ્રી.આર.પી.પરમાર.

---

**–//ઠરાવ//–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આરોપીએ તા.૧૮–૩–૦૭ નારોજ કલાક,૧૭–૩૦ વાગે મોજે નાના ઘરોળા ગામે આ કામના ફરીયાદી પોતાની જીપગાડી નં જી.જે.૧ ૭ સી.પોતાના કુંટુંબના માણસો બેસાડી આવતા હતા તે દરમ્યાન ફરીયાદીની જીપને ઉભી રખાવી તુ

મને જીપ ગાડીનો હપ્તો આપતા નહી તો મારા રોયલ સરદારના ચીફ તંત્રી રફીકભાઈ બાબુમીયા શેખ અગાઉ પેપરમા આપેલ તેમાથી વધારે પેપરમા લખશે તેવી ધમકી આપી બળજબરીથી હપ્તાના પૈસા કઢાવવાની કોશીષ કરી નં.ર એ એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૮૪,૫૧૧,૧૧૪ મુજબનો ગુનો કરેલો છે.

**(૨)** આ કામના ફરીયાદીએ ડીટવાસ પોલીસ મથકે ફરીયાદ આપતા પોલીસે કડાણા પો.સ્ટે.સેકન્ડ.ગુ.ર.નં.૧૫/૦૭ ગુનો રજીસ્ટર કરી તપાસને અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૩૮૪,૫૧૧,૧૧૪ મુજબના શીક્ષાનેપાત્ર ગુનાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૩)** આ કામના આરોપીને વાંરવાંર સમન્સ તથા વોંટર કાઢવા છતા પોરુસની બજવણી થતી નથી.વધુમાં સદરહુ કેસ ૧૦ વર્ષ જુનો કેસ હોઈ સી.આર.પી.સી કલમ ૨૯૯ ની જોગવાઈ ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૪)** આ કામે ફરીયાદપક્ષ તર્ફે આરોપી સામેનો કેસ પુરવાર કરવા ફરીયાદપક્ષે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

(અ) **<u>મૌખિક પુરાવા</u>** :–

૧. આંક– ૧૬ થી ફરીયાદી ઈશાકભાઈ મોહમંદભાઈ ઘાંચીની જુબાની.

૨. આંક– ૧૮ થી સાહેદ હનીફભાઈ મોહમંદભાઈ ઘાચીની જુબાની.

૩. આંક– ૧૯ થી સાહેદ નીશારભાઈ હનીફભાઈ ઘાંચીની જુબાની.

(બ) **<u>દસ્તાવેજી પુરાવા</u>** :–

૧. આંક–૧૭ થી અસલ ફરીયાદ

૨. આં– ૨૦ થી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ.

૩. આંક– ૨૧ થી ફરીયાદીની પુરાવા બંધની પુરશીસ

ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે આંક–૨૧ થી પુરાવાબંધ પુરશીશ રજુ થતા પુરાવો બંધ કરવામાં આવેલ છે.રજુ પુરાવો જોતા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયેનું આરોપીઓનો વિશેષ જવાબ નોંધવો જરૂરી જણાયેલ ન હોઈ જે નોંધવામાં આવેલ નથી.

**(૫)** ફરીયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રીની દલીલો સાંભળેલ છે.

(૬) આ કામે નીર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ ની:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૧૮–૩–૦૭ નારોજ કલાક,૧૭–૩૦ વાગે મોજે નાના ધરોળા ગામે આ કામના ફરીયાદી પોતાની જીપગાડી નં જી.જે.૧૭ સી.પોતાના કુંટુંબના માણસો બેસાડી આવતા હતા તે દરમ્યાન ફરીયાદીની જીપને ઉભી રખાવી તુ મને જીપ ગાડીનો હપ્તો આપતા નહી તો મારા રોયલ સરદારના ચીફ તંત્રી રફીકભાઈ બાબુમીયા શેખ અગાઉ પેપરમા આપેલ તેમાથી વધારે પેપરમા લખશે તેવી ધમકી આપી બળજબરીથી હપ્તાના પૈસા કઢાવવાની કોશીષ કરી નં.૨ એ એકબીજાની મદદગારી કરી ભારતીય દંડ સંહીતાની કલમ–૩૮૪,૫૧૧,૧૧૪ મુજબનો ગુનો કરેલો છે.?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નીર્ણય નીચે મુજબ છે.

૧. નકારાત્મક.

૨. આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

***<u>–// કા ર ણો //–</u>***

***<u>મુદ્દા નં.૧ :–</u>***

(૮) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે,ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.સદર કામે અતિ મહત્વના સાહેદોનો પુરાવો ધ્યાને લેવો આવશ્યક છે.

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી આ કામના ફરીયાદી ઈશાકભાઈ મોહમંદભાઈ ઘાંચીની સોગંદ ઉપર જુબાની લેવામા આવતા જેમા તેઓ જણાવે છે કે,ફરીયાદવાળો બનાવ સને ૨૦૦૭ની સાલમા બનેલો.બનાવ આરોપી કીરણભાઈ પંચાલનાઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ.જે. એગેની ફરીયાદીએ ફરીયાદ આપેલ.સદર

ફરીયાદીને ફરીયાદની ઝેરોક્ષ નકલ બતાવવામા આવે છે જે જોઈને કહે છે કે તેમા પોતાની સહી છે.સદર ઝેરોક્ષ ફરીયાદને આંકે પાડવા સામે આરોપી તરફે વાંધો ન હોય જેને રજુ દાખલ આંક–૧૭ આપવામા આવે છે.સદરહુ મૂળ આરોપી કીરણભાઈ પંચાલ સાથે ફરીયાદીને અગાઉ સમાધાન થઈ ગયેલછે અને તે કેસ પુરો થઈ ગયેલ છે.હાલના આ કેસના આરોપી રફીકભાઈ શેખનાઓ વિરુધ્ધ ફરીયાદીએ કોઈ ફરીયાદ આપેલ નથી કે તેઓ સાથે ફરીયાદીને કોઈ ઝગડો તકરાર થયેલ નથી કે તેઓએ ફરીયાદીને ધાક ધમકી આપેલ હોય કે પૈસાની માંગણી કરેલ હોય તેવુ બનેલ નથી.ફરીયાદી તેઓને ઓળખતા નથી. જયારે બચાવપક્ષની ઉલટ તપાસમા સદર ફરીયાદી એ વાતનો સ્વીકાર કરે છે કે,આરોપી વિરુધ્ધ મે કોઈ ફરીયાદ આપેલી નથી.એ વાત ખરી છે કે આરોપીને ઓળખતા નથી.એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે કોઈ બળજબરી કરી મને ભયમા મુકી કોઈ વસ્તુ કઢાવી લેવાની કે ધમકી આપેલ નથી કે કોઈ કોશીષ કરેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૮ થી સાહેદ હનીફભાઈ મોહમંદભાઈ ઘાંચીની સોગંદ ઉપર જુબાની લેવામા આવતા જેમા તેઓ જણાવે છે કે,ફરીયાદવાળો મૂળ બનાવ સને ૨૦૦૭ની સાલમા બનેલો.બનાવ આરોપી કીરણભાઈ પંચાલનાઓ સાથે ઈશાકભાઈને સામાન્ય બોલાચાલી થયેલ જે વખતે તેઓ સાથે હતા.જે બનાવ અંગે ઈશાકભાઈએ ફરીયાદ આપેલ.જેમા પોલીસે પોતાનો જવાબ લીધેલ.સદરહુ મૂળ આરોપી કીરણભાઈ પંચાલ સાથે અમારે અગાઉ સમાધાન થઈ ગયેલ અને તે કેસ પુરો થઈ ગયેલ છે.હાલના કેસના આરોપી હનીફભાઈ શેખનાઓ વિરુધ્ધ ઈશાકભાઈએ કોઈ ફરીયાદ આપેલ નથી કે તેઓ સાથે કોઈ ઝગડો તકરાર થયેલ નથી કે તેઓએ કોઈ ધાક ધમકી આપેલ હોય કે. પૈસાની માંગણી કરેલ હોય તેવુ બનેલ નથી.તેઓને ઓળખતા નથી. આરોપીના વિ.વ.શ્રી મારફતે સદર સાહેદની બચાવપક્ષે ઉલટ તપાસ કરવામા આવતા એ વાત ખરી છે કે, આરોપીને હુ ઓળખતો નથી.એ વાત ખરી છે કે, આરોપીએ અમારી સાથે કોઈ બળજબરી કરી અમને ભયમા મુકી કોઈ વસ્તુ કઢાવી લેવાની ધમકી આપેલ નથી કે એવી કોઈ કોશીષ કરેલ નથી.

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૯ થી સાહેદ નીશારભાઈ હનીફભાઈ ઘાંચીની સોગંદ ઉપર જુબાની લેવામા આવતા જેમા તેઓ જણાવે છે કે,ફરીયાદવાળો મૂળ બનાવ સને ૨૦૦૭ની સાલમા બનેલો.બનાવ આરોપી કીરણભાઈ પં

ચાલનાઓ સાથે ઈશાકભાઈને સામાન્ય બોલાચાલી થયેલ જે વખતે તેઓ સાથે હતા જે બનાવ અંગે ઈશાકભાઇએ ફરીયાદ આપેલ.જેમા પોલીસે સાહેદનો જવાબ લીધેલ.સદરહુ મૂળ આરોપી કીરણભાઈ પંચાલ સાથે સાહેદને અગાઉ સમાધાન થઈ ગયેલ અને તે કેસ પુરો થઈ ગયેલ છે.હાલના આ કેસના આરોપી રફીકભાઈ શેખનાઓ વિરુધ્ધ ઈશાકભાઈએ કોઈ ફરીયાદ આપેલ નથી કે તેઓ સાથે સાહેદને કોઈ ઝગડો તકરાર થયેલ નથી કે તેઓએ સાહેદને ધાક ધમકી આપેલ હોય કે પૈસાની માંગણી કરેલ હોય તેવુ બનેલ નથી અને તેઓને ઓળખતા નથી. બચાવપક્ષની ઉલટ તપાસમા સદર સાહેદ એ વાતનો સ્વીકાર કરે છે કે,આરોપીને હુ ઓળખતો નથી.એ વાત ખરી છે કે, આરોપીએ અમારી સાથે કોઈ બળજબરી કરી અમને ભયમા મુકી કોઈ વસ્તુ કઢાવી લેવાની ધમકી આપેલ નથી કે એવી કોઈ કોશીષ કરેલ નથી.

**(૧૨)** બચાવપક્ષે ગુનાવાળી પંચનામાને આરોપીના વિધ્વાન વ.શ્રી.ધ્વારા શેરો કરવામાં આવેલ છે કે ઝેરોક્ષ પંચનામાને પુરાવામાં વંચાણે લઈ આંકે પાડવામાં આવે તો વાંધો નથી બચાવપક્ષે મુદ્દામાલ રીકવરી પંચનામાને આરોપીના વિધ્વાન વ.શ્રી.ધ્વારા શેરો કરવામાં આવેલ છે કે, ઝેરોક્ષ પંચનામાને પુરાવામાં વંચાણે લઈ આંકે પાડવામાં આવે તો વાંધો નથી જેથી મુદ્દામાલ રીકવરી પંચનામાને આંક.૨૦ આપવામાં આવેલ છે.આ તમામ દસ્તાવેજોને ઉપરોકત મૌખિક પુરાવાથી સમર્થન મળતુ ન હોય સદર દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં.

**(૧૩)** આમ ઉપરોકત રજુ થયેલ સમગ્ર પુરાવાનુ મૂલ્યાંકન કરતા આ કામના અન્ય આરોપી કીરણભાઈ પંચાલનાઓને ફરીયાદી સાથે બોલાચાલી થયેલાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે, વધુમાં હાલના આરોપી સાથે કોઈ બનાવ બનેલ નથી. તેમ જણાવે છે. વધુમાં ઉલટ તપાસમાં તમામ સાહેદો જણાવે છે. કે.આરોપીને હુ ઓળખતો નથી.એ વાત ખરી છે કે, આરોપીએ અમારી સાથે કોઈ બળજબરી કરી અમને ભયમા મુકી કોઈ વસ્તુ કઢાવી લેવાની ધમકી આપેલ નથી કે એવી કોઈ કોશીષ કરેલ નથી. આમ મોજે નાના ધરોળા ગામે આ કામના ફરીયાદી પોતાની જીપગાડી નં જી.જે.૧૭ સી.પોતાના કુંટુંબના માણસો બેસાડી આવતા હતા તે દરમ્યાન ફરીયાદીની જીપને ઉભી રખાવી તુ મને જીપ ગાડીનો હપ્તો આપતા નહી તો મારા રોયલ સરદારના ચીફ તંત્રી રફીકભાઈ બાબુમીયા શેખ અગાઉ પેપરમા આપેલ તેમાથી વધારે પેપરમા લખશે તેવી ધમકી આપી

બળજબરીથી હપ્તાના પૈસા કઢાવવાની કોશીષ કરી ગુનો કરેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સદંતર રીતે નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નં.૧ પરત્વે મારો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

***<u>–// હુકમ //–</u>***

- આ કામના આરોપી:– રફીક ઉર્ફે રફીયુદ્દીનભાઈ બાજુ મીયાભાઈ શેખ રહે.ફલોર દિવ્ય વસુધરા કોમ્પલેક્ષ ડીસ્ટ્રીકટ કોર્ટની સામે મીરજાપુર ગ્રામ્ય કોર્ટ,તા.જી.અમદાવાદનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧)તથા સી.આર.પી.સી કલમ ૨૯૯ તથા સી.આર.પી.સી કલમ ૩૫૩(૬) અન્વયે ઈ.પી.કો. કલમ–૩૮૪,૫૧૧,૧૧૪ મુજબના ગુનામાંથી નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- વધુમાં મુદામાલ અંગે મુખ્ય કેસમાં હુકમ કરવમાં આવેલ છે.
- સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) હેઠળ આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે,આજથી છ માસ સુધીમાં તેમને નામ.સેસન્સ કોર્ટ,મહીસાગર અગર નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજુ થવા આદેશ આપવામાં આવે તો તેમણે હાજર રહેવુ અને તે અંગે અત્રેની કોર્ટમાં આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા)ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાતમુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તા.૧લી માહે જાન્યુઆરી સને–૨૦૨૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧/૧/૨૦૨૨ }
સ્થળ:–કડાણા/દિવડા કોલોની. }
}

(સ્નેહલ મૃદુલભાઈ શુકલ)
જયુડીશીયલ.મેજીસ્ટ્રેટ.ફ.ક.
કડાણા મુ.દીવડા કોલોની
**{જીજે–૦૧૩૮૩}**